ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૧.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૯ ડીગ્રી
ભેજ
સવારે ૪૩ ટકા ● સાંજે ૧૯ ટકા

# શહેરમાં નારિયેળ પાણીના વેચાણમાં ઉછાળો

## ગરમીનો પારો વધતા નિરોગી રહેવા માટે શહેરીજનોએ કુદરતી પીણાનું સેવન વધાર્યું

ગાંધીનગર, તા.૨૫
શહેરમાં ઉનાળાનો કહેર વર્તાઈ રહ્યો છે ત્યારે શહેરીજનો પોતાના સ્વાસ્થ્યનો જાળવી રાખવા વિવિધ કુદરતી પીણા પીવાનું પસંદ કરી રહ્યા છે. જેમાંનું એક છે નારિયેળ પાણી. જોત જોતામાં શિયાળો જતો રહ્યો અને ઉનાળાની ગરમીની આગમાં શેકાતા શહેરીજનોએ શહેરમાં વેચાતા નારિયેળ પાણીની ખરીદીમાં ધરખમ વધારો કર્યો છે તેથી નારિયેળ પાણીનો વ્યવસાય તેજીમાં ચાલી રહ્યો છે.

ગાંધીનગરમાં સેકટરે સેકટરે શેરીએ-શેરીએ નારિયેળ પાણી વેચતી લારીઓ આવે છે. આ ઉપરાંત શહેરમાં ઠેક ઠેકાણે નારિયેળ પાણીનું વેચાણ થઈ રહ્યું છે તેથી માર્ગો ઉપર અવરજવર કરતા નાગરિકો પણ બે ઘડી પોતાનું વાહન રોકીને નારિયેળ પાણી પીવાનું પસંદ કરી રહ્યા છે. નારિયેળ પાણીની આવક પણ માર્કેટમાં વધારે થઈ રહી છે તેથી માર્કેટમાં વેપારીઓ ૧૦૦ રૂપિયાના ૪ નારિયેળ વેચી રહ્યા છે. એટલે કે ૨૫ રૂપિયામાં એક નારિયેળ ગ્રાહકોને મળી રહ્યું છે. ગયા વર્ષે કોરોના મહામારીને



કારણે ફળફળાદિની ડિમાન્ડ વધી ગઈ હતી તેવામાં નારિયેળ પાણીની પણ ખૂબ ડિમાન્ડ રહી હતી જેથી કોરોના મહામારી ખાતે તેના ભાવ ઊંચા થઈ ગયા હતા. જો કે આ ઉનાળાની સિઝનમાં નાગરિકોને પોસાય તેવા ભાવ ચાલતા હોવાથી નારિયેળ પાણીની ખરીદી વધી છે.

શહેરીજનો દરરોજ એક નારિયેળ પીવાનું પસંદ કરી રહ્યા છે. કહેવાય છે કે બ્લડ પ્રેશરને નિયંત્રણ કરવા માટે દરરોજ નાળિયેર પાણી પીવું જોઈએ નારિયેળ પાણી પીવાથી આપણી રોગપ્રતિકારક શકિત મજબૂત બને છે. એક નાળિયેરમાં ૬૦૦ મિલિગ્રામ પોટેશિયમ મળે છે. જેના કારણે રોગ પ્રતિકારક શકિતમાં વધારો થાય છે. ઉલટીની સ્થિતિમાં પણ નારિયેળ પાણી ફયદાકારક છે.

નારિયેળ પાણી શરીરને હાઈડ્રેટ રાખે છે તે શરીરના ઝેરી તત્ત્વોને દૂર કરે છે. વિટામીન્સ અને મિનરલ્સની સાથે તેમાં એન્ટી ઓકિસડેન્ટ ભરપૂર માત્રામાં હોય છે. તેમાં કેરી અને કોલેસ્ટ્રોલ બિલકુલ હોતું નથી. આ નારિયેળ પાણી એ ઠંડા પીણાનો વધુ સારો અને આરોગ્યપ્રદ વિકલ્પ છે. નારિયેળ પાણી શરીરના પીએચ લેવલને સંતુલિત રાખે છે જે મેટાબોલિઝમ સુધારે છે. સવારની શરૂઆત જ નારિયેળ પાણીથી કરો તો આખો દિવસ ઉર્જાનો અહેસાસ થાય છે અને ડિહાઈડ્રેશનથી બચી શકાય છે. નારિયેળની મુખ્ય બે જાતો આવે છે એક મોહની નારિયેળ અનેસાદું નારિયેળ. મોહની નારિયેળનું કોપરું જાડુ તથા સાકર જેવું મીઠું હોય છે અને ખાતી વખતે ડુચા વળતા નથી. સાદા નારિયેળમાં ટોપરું બહુ મીઠાશ વાળું હોતું નથી.

## જન્મદિને વધામણી



**જસવંત ગાંધી**
પ્રભારી, વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (VYO)
૯૯૭૮૪૦૫૮૧૯



**પારૂલ કે. પટેલ**
પૂર્વ પ્રમુખ, જાયન્ટ્સ ગૃપ ઓફ ગાંધીનગર સાહેલી



## શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટટિયૂટ ખાતે નવા વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા.૨૫
શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ, વાસન ખાતે પ્રથમ વર્ષ બીએસસી નર્સિંગ અને એએનએમના વિદ્યાર્થીઓનો ઓરિએન્ટેશન પ્રોગ્રામ-૨૦૨૨ યોજાયો હતો. જેમાં નવા વિદ્યાર્થીઓને નર્સિંગના કોર્ષ વિશે માહિતી આપી હતી. જેમાં વિદ્યાર્થીઓના વાલીઓ પણ ઉપસ્થિત થયા હતા. વિદ્યાર્થીઓને આગળ વધવા માટેનું પ્રોત્સાહન કેમ્પસ ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા અને ડાયરેકટર પ્રો.રવિ કુમાર દ્વારા આપવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે પ્રિન્સિપાલ, નર્સિંગ ફેકલ્ટી અને વિદ્યાર્થીઓનો સહયોગ મળ્યો હતો.

સેકટર-૨૪ સત્યમ એપામેન્ટ ખાતે 'સુંદરકાંડ પાઠ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સ્વ. મનુભાઈ દસાડીયા અને સ્વ. ભગવાનભાઈ દસાડીયાની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે ગોસ્વામી સંજયભારતી મહારાજના મુખે 'સુંદરકાંડ પાઠ' રાત્રે યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાવિ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.



## લાયોનેસ કલબ દ્વારા સેક્ટર-૮ની સરકારી શાળાના બાળકોમાં પગરખા વિતરણ




ગાંધીનગર, તા.૨૫
વર્ષ દરમિયાન સતત સેવાકીય કાર્યોમાં સદા અગ્રેસર રહેતી લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા તાજેતરમાં ૧૯૦ જેટલા જરૂરિયાતમંદ બાળકોને પગરખાં વિતરણ કરવામાં આવ્યા હતા. પગરખા વિતરણના આ દ્વિતીય ચરણમાં સેક્ટર-૮ ની સરકારી શાળાના ૧ થી ૮ ધોરણના તમામ બાળકોને તેનો લાભ મળ્યો હતો, અગાઉ પણ પ્રથમ ચરણમાં ૨૦૦ જેટલા બાળકોને ગરમીથી રક્ષણ મળે તે માટે પગરખા વિતરિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં લાયોનેસ પ્રમુખ નીતાબેન રાણા, શાળાના આચાર્યા મિતલબેન તેમજ લાયોનેસ સભ્યો અને શિક્ષકા બહેનો ઉપસ્થિત રહ્યાં હતા.

## મગોડી ગામ ખાતે સુંદરકાંડ પાઠનું આયોજન

મગોડી ગામમાં જગદાત્રી માં અન્નપૂર્ણા મંદિર ખાતે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૨૬ના રોજ મહંત મહામંડલેશ્વર ૧૦૦૮ બળદેવગીરી બાપુની પુણ્યતિથિના દિવસે શ્રધ્ધાંજલિ નિમિત્તે ગોસ્વામી સંજયભારતી મહારાજની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ તથા ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. જે સાંજે ૬ થી ૮ સુધી ભોજન અને ૮.૩૦ વાગ્યે સુંદરકાંડના પાઠ યોજાશે.

## ફોરેન્સિક યુનિવર્સિટી ખાતે ઈડીના ૨૧ અધિકારીઓને 'સાયબર ફોરેન્સિક ટૂલ્સ'ની તાલીમ





ગાંધીનગર, તા.૨૫
વિશ્વની સૌપ્રથમ અને એકમાત્ર ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ગાંધીનગર ખાતેની નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ખાતે એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ (ઈડી)ના અધિકારીઓની તાલીમનો સોમવારથી પ્રારંભ થયો છે. દેશભરમાંથી ઈડીના ૨૧ અધિકારીઓને 'સાયબર ફોરેન્સિક ટૂલ્સ' વિષય પર તાલીમ આપવામાં આવી રહી છે.

આ તાલીમના ઉદઘાટન સત્રમાં વર્ચ્યૂઅલ માધ્યમથી નવી દિલ્હી ખાતેના ઈડીના એડિશનલ ડાયરેકટર મોનિકા શર્મા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. તેમણે આ પ્રકારની વિશિષ્ટ તાલીમની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે ઈડીના ડેપ્યુટી ડાયરેક્ટર રોબિન ગુપ્તા પણ ઉપસ્થિત હતા. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના આ અધિકારીઓને છ દિવસની તાલીમ દરમિયાન વર્તમાન સમયમાં મોટાભાગનો ડેટા ડિજિટલ સ્વરૂપમાં હોય છે ત્યારે ડિજિટલ પુરાવા માટે વિવિધ સાધનોના ઉપયોગ સહિતની માહિતી આપવામાં આવશે જે તેમની કુશળતા અને જ્ઞાનમાં વધારો કરશે. અધિકારીઓને આ પ્રકારની તાલીમ વિવિધ માધ્યમોમાંથી અત્યંત વૈજ્ઞાનિક રીતે ડેટા પુનઃપ્રાપ્ત કરવા માટે જરૂરી નિપુણતા આપશે. એનએફએસયુના તાલીમ વિભાગના નાયબ નિયામક આર.એન. ગુણાએ જણાવ્યું હતું કે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના કુલપતિ ડો. જે. એમ. વ્યાસના માર્ગદર્શન હેઠળ અત્યાર સુધીમાં વિવિધ ક્ષેત્રોના ૨૮ હજારથી વધુ ઈન-સર્વિસ અધિકારીઓને તાલીમ આપવામાં આવી છે. જેમાં વિશ્વભરના ૭૦થી વધુ દેશોના અધિકારીઓનો સમાવેશ થાય છે.



સેક્ટર ૩૦ સરકારી પ્રાથમિક શાળાના બાળકોને જલારામ સેવા ટ્રસ્ટ તરફથી પગરખા વિતરણ કરવામાં આવ્યા હતા. ધોમ ધખતા ઉનાળામાં બાળકોને પગરખા વિતરણ કરી ખૂબ જ ઉત્તમ સેવા કરવામાં આવી હતી.

## એલડીઆરપીના ૬ વિદ્યાર્થીઓએ સ્માર્ટ ઈલેકટ્રિક મોટર સાયકલ બનાવી





ગાંધીનગર, તા.૨૫
કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન એલડીઆરપી ઈન્સ્ટિટયૂટમાંથી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરી રહ્યાની સાથે ફાઈનલ યરના વિદ્યાર્થીમાં ૬ યુવા મિત્રો આકાશ પીપળીયા, ચિરાગ ગોહેલ, જલ પટેલ, પ્રતિક રોહિત, હર્ષ મન્ડોરા અને સુજલ પરીખે આત્મનિર્ભરતના હેતુ સાથે **"EVOLVE"** નામની સ્માર્ટ ઈલેક્ટ્રિક મોટરસાયકલ બનાવી. આ મોટરસાયકલ ૧૦૦% ''મેઈડ ઈન ઈન્ડિયા'' છે અને મોટરસાયકલ ની મેઈન ફ્રેમ, પાવર ડ્રાઈવ સિસ્ટમ, વાયરિંગ હારનેસ અને ઓઉટર બોડી અને અન્ય ફિચર્સ સોફટવેરમાં સંપૂર્ણ રીતે આ વિદ્યાર્થીઓ દ્વારા જ પોતે ડિઝાઈન કરવામાં આવ્યા છે અને એ ડિઝાઈનના બેઈઝ પર તેમને પહેલું પ્રોટોટાઈપ ડેવેલોપ કર્યુ છે.

આ ઈલેક્ટ્રિક મોટરસાયકલમાં નોર્મલ મોટરસાયકલ કરતાં ઘણું નવું ઈનોવેશન નો સમાવેશ કરી બાઈક ને ખૂબ સારી રીતે રજૂ કરવામાં આવ્યું છે જેમ કે **anti-theft** કંટ્રોલ, **GPS Tracking**, અને મોબાઈલ ફોને દ્વારા **On-Off** જેવા વિવિધ ફીચર્સ નો સમાવેશ કરવામાં આવેલ છે. આ બાઈકની ખાસિયત એ છે કે આ બેટરી થી ચાલતું વાહન છે, માટે તે પ્રદૂષણ રહિત છે. આ બાઈકને ફૂલ ચાર્જિંગ કરવામાં ૩ થી ૪ કલાક નો સમય, ૧૩ રૂપિયાના ખર્ચમાં ૧૨૦કિમીની રેન્જ આપે છે.

## ભાજપા વોર્ડ નં.૯ અને ૧૦ના શકિત કેન્દ્રના ઈન્ચાર્જની બેઠક મળી




ગાંધીનગર, તા.૨૫
કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તેમજ ગાંધીનગર લોકસભાના પ્રજાવત્સલ સાંસદશ્રી અમિતભાઈ શાહના મતવિસ્તાર ગાંધીનગર મહાનગરના વોર્ડ નં.૯ અને ૧૦ના શક્તિ કેન્દ્રના ઈન્ચાર્જશ્રીઓની બેઠક મહાનગર ભાજપા પ્રમુખ ઋચિર ભટ્ટ તેમજ પ્રદેશ ભાજપા સહપ્રવક્તા ડૉ. ઋત્વિજ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રી પ્રજ્ઞેશભાઈ બ્રહ્મભટ્ટ ગાંધીનગર મહાનગરના મહામંત્રી ગૌરાંગભાઈ પટેલ ઉપાધ્યક્ષ નિલેશભાઈ પટેલ સહિત અપેક્ષિત કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

આ બેઠકમાં સંગઠન દ્વારા કરવાના બુથ સુધીના કાર્યો તેમજ આગામી સંગઠનાત્મક કાર્યક્રમો અંગે સવિસ્તાર ચર્ચા કરવામાં આવી હતી.

## સરકાર અમારું સાંભળતી જ નથી : રાજય મધ્યસ્થ ગ્રંથાલયમાં સ્ટાફની સંપૂર્ણ અછત

### ઓછા સ્ટફમાં વધુ કામગીરી કરતા વર્તમાન કર્મચારીઓ દ્વારા નવી ભરતી કરવાની ઉગ્ર માંગ

ગાંધીનગર, તા.૨૫
શહેરમાં સેકટર-૧૭માં કાર્યરત રાજય મધ્યસ્થ ગ્રંથાલયમાં કર્મચારીઓનો અભાવ રહેતો હોવાથી ગ્રંથાલય દ્વારા નાગરિકોને યોગ્ય સગવડો પુરી પડાતી હોવા છતાં અગવડો પડી રહી છે. આ સાથે ગાંધીનગર ઉપરાંત સમગ્ર ગુજરાત રાજયમાં છેલ્લા ૨૨ વર્ષથી ગ્રંથાલય અને છેલ્લા ૧૨ વર્ષથી પીટીઆઈની ભરતી કરવામાં આવી નથી.

રાજય મધ્યસ્થ ગ્રંથાલય, સે-૧૭માં સ્ટાફની અછત જણાતા ઘણીવાર રજૂઆતો કરવામાં આવી હતી પરંતુ કોઈ પણ ઉકેલ થયો નથી. ગ્રંથાલયમાં ૩ થી ૪ કોન્ટ્રાકટ આધારિત નોકરી કરે છે કુલ ૧૭ કાયમી કર્મચારીઓ કાર્યરત છે. જેમાં બે પટાવાળા, એક જુનિયર કલાર્ક, એક સિનિયર લાઈબ્રેરીયન, એક ગ્રંથપાલ જે થોડા સમયમાં જ




નોકરીમાંથી સેવા નિવૃત્ત થવાના હોઈ સ્ટાફની અછત વર્તાઈ રહી હતી તેમાં વધારે અછત વર્તાવાની સ્થિતિ આવી છે. ૨૬ રાજય સરકારની યુનિવર્સિટીમાં માત્ર ૨ જ ગ્રંથપાલ યુજીસી માન્ય બાકી બીજા ઈન્ચાર્જ હંગામી ધોરણે આસીસ્ટંટ દ્વારા થાય છે. જયાં સંશોધન કાર્ય થતું હોય ત્યાં ગ્રંથપાલ જ ન હોય તો વિદ્યાર્થીની શું હાલત થાય? નેશનલ નોલેજ કમિશનમાં રીપોર્ટ મુજબ ગુજરાતની ૫૬૦૦ શાળામાં છેલ્લા ૨૫ વર્ષથી ગ્રંથપાલની ભરતી કરી જ નથી. ગુજરાતના તમામ જિલ્લા, તાલુકામાંથી જાહેર ગ્રંથાલયમાં મોટા ભાગની જગ્યાઓ ખાલી છે. છેલ્લા ૧૦ વર્ષમાં શિક્ષણમંત્રીને ૭૦ જેટલા આવેદનપત્રો આપ્યા છતાં કોઈ ભરતી કરવામાં આવી નથી.

શહેરમાં સેકટર-૧૭ અને સે-૨૧ના ગ્રંથાલયમાં રિનોવેશનની કામગીરી ચાલી રહી છે. વાંચન માટે આવતા વિદ્યાર્થીઓને દરેક પ્રકારની સુવિધાઓ મળી રહે તે હેતુસર નવીનતમ વિભાગો બની રહ્યા છે. જેમાં ગરીબ, મધ્યમ વર્ગ ઉપરાંત દિવ્યાંગો માટે ઉત્તમ રહેશે પરંતુ ગ્રંથાલયોમાં કાર્યભાળ સંભાળી શકાય તે માટે પૂરતો સ્ટાફ ઉપલબ્ધ નથી. જેથી કામગીરમાં અડચણો આવી રહી છે. કામવધુ અને એની સામે સ્ટાફ ઓછો જેવી પરિસ્થિતિ સર્જાઈ રહી છે. છેલ્લા ઘણા વર્ષોથી સરકાર દ્વારા નવી ભરતી કરવામાં આવી નથી તેથી તાત્કાલિક ધોરણે ગ્રંથાલયોમાં નવી ભરતી કરવામાં આવે તેવી માંગ વર્તમાન ગ્રંથાલય કર્મચારીઓ દ્વારા કરવામાં આવી રહી છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. બિહોલા રતનસિંહ નટવરસિંહ,** ઉ.વ. ૩૫, સેકટર-૧૩
- **સ્વ. વણઝારા હાકુબેન ભીખાજી,** ઉ.વ. ૫૯, સે-૧૪, છાપરાં